# પુલવામામાં CRPFના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કેન્ડલ માર્ચ યોજાઇ

---

તા. ૧૪/૦૨/૨૦૧૯ ના રોજ જમ્મુ કાશ્મીરના પુલવામામાં થયેલા સી. આર. પી. એફ. જવાનોના કાફલા ઉપર થયેલા આંતકી હુમલામાં શહીદ થયેલા મા ભારતીના ૪૧ વીરસપૂતોને શ્રદ્ધાંજલિ આપવા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ શરમજનક કૃત્યનો વિરોધ દર્શાવી અને શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક કેન્ડલ માર્ચ તા. ૨૦/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં યોજવામાં આવી. આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૦૦૦ જેટલા સ્ટાફ, અધિકારીશ્રીઓ તથા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ મા. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલના વડપણ હેઠળ બ. અં. કૃષિ મહાવિદ્યાલય થી યુનિવર્સિટી ભવન સુધી કેન્ડલ માર્ચ યોજી હતી. આ ઉપરાંત કાર્યક્રમ બાદ યુનિવર્સિટી ભવન ખાતે ૨ મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ અને તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે દેશના વીર જવાનો સાથે સમગ્ર દેશ તેમની સાથે છે તેઓ આણંદ કૃષિ યુનિવર્સિટી પરિવારે શૂર પુરાવેલ છે.








યુનિવર્સિટી ભવન
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
ANAND AGRICULTURAL UNIVERSITY ANAND.